# તંત્રી/સંપાદક

તંત્રી/સંપાદક, પુસ્તક/અખબારની લેખિત સામગ્રીની ચકાસણી કરવા અને તેનું શક્ય તેટલું શ્રેષ્ઠ સંસ્કરણ સુનિશ્ચિત કરવા માટે જવાબદાર છે. તંત્રી/સંપાદકની જવાબદારીઓમાં અખબારો, સામયિકો, પુસ્તકો અને લેખોનું સંપાદન, પ્રકાશનોનું આયોજન, મહત્વપૂર્ણ વિષયો અથવા ઘટનાઓ પર અગ્ર લેખો લખવા વગેરે મહત્ત્વપૂર્ણ કામગીરીનો સમાવેશ થાય છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે ભાષાઓ અને વ્યાકરણમાં નિપુણ છો
- તમે ઉત્તમ સંચાર કૌશલ્ય અને નેતૃત્વ કૌશલ્ય ધરાવો છો
- તમે પ્રમાણભૂત સંદર્ભ સ્ત્રોતોનો ઉપયોગ કરીને હકીકતો, તારીખો અને આંકડા કેવી રીતે ચકાસવા જોઈએ તે જાણો છો
- તમે વાચક અથવા પ્રેક્ષકોને ધ્યાનમાં રાખીને વાર્તા અથવા સામગ્રીનો વિચાર વિસ્તાર આલેખવામાં નિપુણ છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨૫,૦૦૦ થી ૫,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. અંગ્રેજી/પત્રકારિત્વ/માસ કોમ્યુનિકેશન અથવા કોઈપણ સંબંધિત ક્ષેત્રમાં સ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

અંગ્રેજી/પત્રકારિત્વ/માસ કમ્યુનિકેશન અથવા કોઈપણ સંબંધિત ક્ષેત્રમાં સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, તે જ અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

સંપાદનમાં ડિપ્લોમા કરો.

અમુક ચોક્કસ સંસ્થાઓમાં પ્રવેશ માટે, તમારે સંસ્થાની પ્રવેશ પરીક્ષાઓમાં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છે. (જો લાગુ હોય તો.)

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

તંત્રી/સંપાદકનું અંદાજીત માસિક વેતન **રૂ. ૧૬,૦૦૦** થી ૮૪,૩૩૩* જેટલું હોય છે.

સ્રોત : https://www.payscale.com/research/IN/Job=Editor/Salary

## તમે ક્યાં કામ કરશો?

કાર્યસ્થળ : અખબાર જૂથો, સમાચાર એજન્સીઓ અને સમાચાર બ્યુરો, વિવિધ ભાષાઓના સામયિકો અને જર્નલ્સ, મોટા કોર્પોરેટ ગૃહોના ઈન-હાઉસ પ્રકાશનો વગેરે.

ઉદ્યોગ સાહસિકતા: એકવખત આ ક્ષેત્રમાં સફળ થયા પછી તમે તમારું પોતાનું પ્રોડક્શન હાઉસ શરૂ કરી શકો છો.

કાર્યસ્થળનું વાતાવરણ: આ ડેસ્ક જોબ છે અને સામાન્ય રીતે મુસાફરી કરવાની જરૂર રહેતી નથી. કામકાજના કલાકો જે સંસ્થામાં કામ કરતા હોય તે મુજબ, અઠવાડિયામાં ૬ થી ૭ દિવસ, દરરોજ ૧૦ થી ૧૨ કલાક જેટલા હોય છે. તમારી પાસે ઘરેથી કામ કરવાનો વિકલ્પ પણ ઉપલબ્ધ હોય શકે છે.

તમે પાર્ટ-ટાઈમ અને કરાર આધારિત નોકરી પણ શોધી શકો છો. સ્વ-રોજગાર પણ એક વિકલ્પ છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ઉપતંત્રી/સંપાદક → સહતંત્રી/સંપાદક → તંત્રી/સંપાદક → મુખ્ય સંપાદક/સંપાદકિય વ્યવસ્થાપક → સંપાદકિય નિર્દેશક

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ન્યુઝ એડિટર, ચીફ એડિટર, આસિસ્ટન્ટ એડિટર

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ માસ કોમ્યુનિકેશન/માસ મીડિયા વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. દિલ્હી કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, નવી દિલ્હી
૨. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન, નવી દિલ્હી
૩. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા
૪. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૫. ઉત્કલ યુનિવર્સિટી, ભુવનેશ્વર
૬. યુ.એન.આઈ. પુણે - સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી, પુણે
૭. એમ.કે.બી.યુ., ભાવનગર
૮. આઈ.આઈ.એમ., અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. જી.વી.પી., અમદાવાદ
૨. ઇન્સ્ટિટ્યુટ ઓફ ક્રિએટિવ એક્સેલન્સ
૩. ગાર્ડન સિટી યુનિવર્સિટી, બેંગલુરુ
૪. ઝેવિયર ઇન્સ્ટિટ્યુટ ઓફ કોમ્યુનિકેશન્સ
૫. ગ્રાફિક એરા હિલ યુનિવર્સિટી, દેહરાદૂન
૬. રુઈયા કૉલેજ - રામનારાયણ રુઈયા કૉલેજ
૭. પી.ડી.ઈ.યુ., ગાંધીનગર
૮. સોફિયા કોલેજ ફોર વુમન, મુંબઈ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses. nptel.ac.in › noc20_ar15 › preview, https://onlinecourses.swayam2.ac.in › preview

* એન.પી.ટી.ઈ.એલ.- નેશનલ પ્રોગ્રામ ઇન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

## સાફલ્ય ગાથા

**માલિની પાર્થસારથી** ધ હિંદુ ગ્રુપ ઓફ પબ્લિકેશન્સ (પ્રાઈવેટ લિમિટેડ)ના ચેરપર્સન છે. તેઓ ધ હિન્દુના ભૂતપૂર્વ સંપાદક (૨૦૧૩ થી ૨૦૧૬) પણ છે. સંપાદક તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન, ૨૮ નવેમ્બર, ૨૦૧૫ના રોજ ધ હિન્દુની મુંબઈ આવૃત્તિ શરૂ કરવામાં આવી હતી, જે અખબારના ૧૪૦ વર્ષના ઈતિહાસમાં એક મહત્ત્વનું સીમાચિહ્ન છે. તે અગાઉ ૧૯૯૬ થી ૨૦૦૪ સુધી અખબારના કાર્યકારી સંપાદક હતા. તેઓ ત્રણ દાયકાથી વધુ સમય સુધી રાજકીય પત્રકાર રહ્યા છે, તેમણે ભારતીય રાજકારણ તથા ભારતની વિદેશ નીતિ પર અહેવાલો અને તંત્રી લેખો લખ્યા છે, જેમાં મુખ્યત્વે પાકિસ્તાન અને શ્રીલંકા સાથેના સંબંધો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.*

સ્રોત : https://www.thehinducentre.com/leadership/board-of-management/article23480778.ece

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.